ચોપડીમાં શું છે.? ૧



ભાગ ૨ જો

મુંબઈની શેઠાણી.

લેખક અને પ્રકાશક,

ગોરધનલાલ હ. જીવનદાસ શાહ.

નિવાસ હાજાની પોળ, અમદાવાદ

આવૃત્તિ ૧ લી   પ્રત ૫૦૦૦

સંવત ૧૯૭૮   સને ૧૯[illegible]

કીંમત
બે આના.

'વસંત' મુદ્રણાલય 'માં ચીમનલાલ ઈશ્વરલાલે છાપ
રાયપુર,—અમદાવાદ

અમારે ત્યાં તૈયાર મળતાં પુસ્તકોની યાદી.

નામ.	કીંમત.	ટપાલખર્ચ.
શાદય જ્ઞાનમાળા (અડધી કીમત)	૦—૪—૦	૦—૧—૦
મહાત્મા ગાંધીજીનો ઉપદેશ	૦—૨—૦	૦—૦—૬
મુબઇની મોકાણી ભા. ૧	૦—૨—૦	૦—૦—૬
મુબઇની મોકાણી ભા. ૨	૦—૨—૦	૦—૦—૬

તા. ક.—આ ચોપડીઓ ગામમાં તેમજ અમદાવાદ શહેરમાં ફરી ફરીને વેચાણ કરે તેવા ચાલાક માણસોની જરૂર છે પગાર રૂા. ૧૦ થી ૪૦ સુધી માણસની લાયકાત પ્રમાણે આપીશું.

મળો યા લખો નીચેના સરનામે—

મોહનલાલ હરજીવનદાસ શાહ,

ઢાળની પોળ—અમદાવાદ.

મુંબઇની શેઠાણી.

ભાગ ૨ જો.

(રાગ ગઝલ)

શેઠાણી—સુણોને સ્વામીજી મારા, કરો ના ક્રોધ રજ વ્હાલા;
કહું છે આપની હારા, બજાવો ફર્જ તો પ્યારા.

શેઠ—નથી દુનીઆ માંહી એવું, કરે સ્વામી ઘણું દેવું;
નથી આ દેશમાં રહેવું, ખરે તુજ એજ છે કહેવું.

શેઠાણી—ખુશી વાતો અરે સ્વામી, મને કંઇ કંઇક થાએ છે;
જોઇ વાતો ખુશી આવી, દીવાની ઘેલ થાએ છે.

શેઠ—ભલે દીલ થાય દીલાસી, ભલેને ચાહ્ય તે થાએ;
કરમમાં જે લખ્યું વ્હાલી, વખત પર તેહ છે થાએ.

શેઠાણી—નથી દોષ હું કહું એમાં, કરમનો કે વિધાત્રાનો;
બીજી ખટપટ ત્યાગીને, પ્રથમ તો ત્યાં તમે જાવો.

શેઠ—બધું સમજ્યો ખરે સમજ્યો, પુરેપુરૂં હવે સમજ્યો;
બધી ખટપટને ત્યાગી, કહે છે ત્યાં પ્રથમ જાવો.

શેઠાણી—એમાં તમ શું વધુ બોલો, તમારી તો દીસે ફર્જે;
પછીથી બોલજો બોલો, પ્રથમ તો ત્યા તમે જાવો.

શેઠ—જાઉં છું હું હવે અંહીથી, અભાગી શેઠને ત્યાંહી;
ફળે કીસ્મત જો મારૂં, નગદ લઇ આવું છું આંહી.

શેઠાણી—ઉઘરાણી તો ખરા કહાડો, લઇ પાછા તરત આવો;
પછી મોટર મંગાવો, સાથે બજારમાં ચાલો.

શેઠ—કહેવત છે ભેંશ ભાગોળે, વળી છે છાશ છાગોળે;
છતાં પણ ઘરની માંહે ધમાધમ જોરથી ચાલે.

શેઠાણી—આવી વાતો કરી મોટી, થાઓ ના આપ રજ ખોટી;
પહેરી કોટને ટોપી, લઇ ઝટ જાવને સોટી.

શેઠ—મૂકી દે વાત તું ગાંડી, લઈ આવું હવે ઢોડી;
પછી મોટર મંગાવી, બેશી જઇશું કહું પ્યારી.

શેઠાણી—પછી મમ રોફતો વધશે, પાડાશી માન બહુ દેશે;
સગાં બહુ ખુશ તો થાશે, શેઠાણી અન્ય તો કહેશે.

શેઠ—શેઠાણી ના થઈશ પ્યારી; ગરીબી છે ઘણી સારી;
નથી કંઈ માન દેનારી, ગરીબી છે ઘણી સારી.

લેખક—આવાં વચન સૂણીનારી, રીશાઇ છે પીયર ચાલી;
જુઓને ભાઈ આ નારી, પુરી મુંબઇની મવાલી.

ધણીને તે લઇ ઉધડ, લડતી સાથમાં દીનભર.
કંપી ઉઠતાં દીલભર, બોલોને સાથમાં હર હર

ગઈ પીયર છે નારી, સ્થીતી થઇ શેઠની સારી.
પરણુશો નહી એવી નારી, સ્થીતી દેશેજ બીગાડી;

સ્થીતી છે શેઠની સુધરી, કાળોતરી છે તહાં આવી.
શેઠાણી સ્વર્ગે, સીધાવી દીધી શેઠેજ વીસારી.

પડયો ત્યાં એકલો પોતે, પ્રભુનું નામ લે ચીત્તે;
થયો સુખી બહુ રીતે, કંટાળી નારીથી પોતે.

દિવ્ય રંભા.

ભાગ ૨ જો.

(રાગ ગઝલ.)

આવ્યું મેદાન ગયા મ્હોટું, સખીને ભાન છે પેહું;
ગોટાળો છે બધો આશું, પલાયન તુર્ત છે કીધું.

નથી આ જાણતી રંભા, જઈને ત્યાં કર્યા ચાળા
લાવીતી બે સખી પ્યારા, ન ગભરાશો તમે વ્હાલા.

સુણી રંભા તણાં વચનો, ઝડપ યુવાન ત્યાં બોલ્યો;
ગભરાઉં હું કહે, શેનો, કહો છો શું તમે કો, કો.

ચારે પાસે નજર ફેંકી, રંભા છે તુર્ત ત્યાં બોલી;
ખરે સખીઓ કહું મારી, રીસાઈને ગઈ ચાલી.

રીસાઈને ગઈ ચાલી, કરોના મશ્કરી ભલી;
તમારી બે સખી સારી, બતાવોને તમે પ્યારી.

નથી ઉપાય એ સ્વામી, કરગરી હું કહું નામી;
પુંઠળ સુધી આગળ આવી, થઇ છે મુજની ખામી.

નથી બગડી ગયું હજુએ, લાવીશ હું હોંશથી કાલે.
તમોને હોંશથી વ્હાલા, મજા તે આપશે કાલે;

આવી રીતની સૂણી વાતો, યુવાન મનમાંજ હરખાતો.
ગજબ તો આ બધો થાતો, મરી શાને નથી જાતો;

કરે છે વાત આવી જયાં, ઉભા પોલીસ આવી ત્યાં.
બન્નેને જપ્ત છે કીધાં....કચેરી માંહી છે લીધાં.

પોલીસની સાથ ચાલે છે, વિચારો કંઇ આણે છે.
જવાબજ શું તહાં લેશે, વળી શું શું બીજું કહેશે;

થોડીવાર ના થઇ પૂરી, કચેરી છે જડપ આવી.
પોલીસે બેલ વગાડી, ખબર ફોજદારને આલી;

કલાકજ ન થયો પૂરો, તહાં ફોજદાર છે આવ્યો.
જોઇ આમ સામ બંન્નેની, પૂછયું પોલીસને શું લાવ્યોઃ

સલામજ ત્યાં કરી પોલીસ, ઉભો છે સામને જોઇ.
બોટાળો છે ઘણો ભારી, કહી સખીઓને બોલાવી;

આવી સખીઓ હવે સારી, જુબાની તેમને આલી
સખત મજુરી સાથેની. વરસ બે કેદ છે મારીઃ

ન હતું લીધું નહતું ખાધું, નહતુ કાંઇ દાનમાં. દીધું.
ફક્ત યારના માટે, બુરૂં છે કામ તો કીધું;

વરસ બે કેદ છે મારી, વળી મમ યારની તેવી.
કરી તે જાતની ખ્વારી, કીધી છે આબરૂ તેવી;

લેખક—માટે એ ભાઇને બ્હેનો, ન તમ શોખને માણો.
પતીને દેવ સમ ધારી, આજ્ઞાઓ હોંશથી માનો,

ખરાબી જાતની થાશે, ઉભું રહેવા ન કો દેશે.
પુંઠે સૌ ગાળ તો દેશે, મીઠું ન કાંકરી દેશે;

સુખી તમ જાતથી થાશો, સુખી કુટુંબને કરશો.
વળી ત્રિવટ કહુ પોતે, પ્રભુના ધામમાં જશો;

વિષયમાં મસ્ત રહેનારી વામા.

ભાગ ૨ જો.

(રાગ ઉકળતા લોહી જેવો.)

પ્લેટ ફોર્મ ત્યાં સારો સોભે, ઉપર બેંચ મુકેલા છે;
ઉભી રહી ત્યાં ચપળા પોતે, ગાડીવાળા ને કહે છે.

જા અલ્યા તું ગાડી લઇને, પણે સામે ઉભો રહેજે;
ભલે મોડું થાય આજ અહીં પણ, ના ચિંતા મનમાં કરજે.

આવાં વચનો સૂણી ગાડીવાળો ચપળાનેજ કહે;
બાઈ સાહેબ જો મોડું થશે તો શેઠ કહો શું નહી લડશે.

ગાડીવાળાનાં વચન સાંભળી ચપળા ગુસ્સે બહુજ થઇ;
કેમ અલ્યા તું બડબડ કરતો, બોલી સામે રહ્યો છે અહીં.

માફ કરજો મુજને બાઇ ભૂલ થઈ મારી મોટી;
ગુસ્સો કરશો ના બાઈ મુજપર આપની ખાઉં છું રોટી.

ઠીક હવે પંચાત છોડીને કહું તેટલું સમજી લે;
ફર્જ બજાવી આજે સારી ચાહે તે ઇનામજ લે.

ચપળાના આ વચન સાંભળી ગાડીવાળો સમજી ગયો;
ગાડીમાંથી નીચે આવી માથું નમાવી ઉભો રહ્યો

સમી સાંજનો વખત હતો ને સ્ટાંન્ડર સાડા સાત થયા;
હાથ તણું ઘડીઆળ નીહાળી ચપળા ઝટ ત્યાં બેશી ગયાં.

આમ જુવેને આમ જુવે છે ચપળાને ના ચેન પડે;
આજુબાજુના ચારે રસ્તાઓ ચપળા ત્યાં બેઠીજ જુએ.

પા કલાક ન થયો પૂરો ત્યાં મોટર ધમધમ કરતી આવી,
પ્લેટ ફોર્મ પર આવી જતામાં છમ છમ કરતી ઉભી રહી;

અંધારૂં તો હતું ઘણું પણ ચપળા સમજી જલદી ગઇ.
ગુડ મોર્નીંગ સર કહેતી ચપળા મોટર પાસે ઉભી જઇ;

કોટ પાટલુનનો ડ્રેસ સજેલો, માથે હેટજ ધારી છે.
કેમ વ્હાલી આવ્યાં તો છોને કહોને તબીયત સારી છે;

હા ડીઅર તમને જોઇને તબીયત મારી પ્રફુલીત થઇ.
ચીન્તા હતી જે દીલમાં તે પણ હમણાં જલદી ચાલી ગઈ;

આવી રીતે બોલાતી ચપળા ખડખડ કરતી હસી પડી.
વ્હાલાને પાસે બોલાવી ચુંબન દેતી ઉભી રહી;

ઇશ્કી ટાટનો રોફ જુઓ તો સઘળુ પોલંમપોલા છે.
કોટ, પાટલુનને હેટ વળી કહું ભાડે તેતો લાવ્યા છે.

પુરા મુવાલી છે મુંબઇના ચપળાનેજ ફસાવી છે;
હાથ નાંખી ત્યાં વ્હાલી ઉપર બેંચ ઉપર જઇ બેસે છે.

ચપળા ત્યાં ચમકારો કરતી વીજળી માફક બોલી ઉઠી;
વાર લગાડો ના રજ વ્હાલા કહો આપની શી છે મરજી.

આવાં વચન ચપળાનાં સૂણી ઇશ્કીટાટ ત્યાં હરખાયા;
ધીમે રહી બોલી કંઇ બંને સામે રસ્તે છેજ ગયાં.

મોટર ડ્રાઇવર ગાડીવાળો તે બને તો ત્યાંજ ઉભા;
પણ કહું આ ભાઇ સાહેબ તો પુંઠગ તેઓનીજ ગયા.

આડી અવળી વાતો કરતા સાથે બંને છે ચાલે;
ઠીક મજા પડશે જોવાની નાટક જોવાને કાલે

આવી રીતના અમે ત્રણે જણ કલાકજ છીએ ચાલ્યાં:
થોડી વારમાં અમે ત્રણે જણ સામેના બંગલેજ ગયાં.

પુંઠળ પુંઠળ ધીમે પગલે હું પણ તેઓની ગાલ્યો;
ઝાંપાના દરવાજેથી હું નજર કરી ઉભોજ રહ્યો.

ઇશ્કી ટાટે ઝટપ કરીને કુંચીથી તાળું ખોલ્યું;
બંને જણ અંદર સાથે જઇ બારણું વાસી છે દીધું.

હું પણ પુંઠળ છું તેઓની જઇ આટલે ઉભો છું;
વિચાર કરી મનમાં તેઓના થાક ખાવાને બેઠો છું.

વાત અહીંની બાકી રહી પણ ઘર આગળ શું શુંજ બન્યું;
થોડી વારના માટે ભાઇ બ્યાનજ હું તેનુંજ કરૂં.

પરેલ ઉપરથી પન્નાલાલ આવ્યા નોકરને ખુમજ મારી;
કેમ અલ્યા તું જાણે છે કે ક્યાં ગયાં છે તાહરાં બાઇ.

ના સાહેબ હું નથી જાણુતો લેવા શાકજ ગયો હતો;
ઘાટી આપણો જે રામો છે બા પાસે બેઠાજ હતો.

ઠીક હવે તું નીચે જઈને રામાને અહીંજ બોલાવ;
વાર લગાડીશ ન ભાઇ મારા જલદી તેને તેડી લાવ.

આમ બોલી પન્નાલાલ ઉઠી સામેનાજ જરૂખે ગયા;
થોડી વારમાં આવી બન્ને સામે શેઠની ઉભા રહ્યા.

આવેલા નોકર નિહાળી શેઠ ગર્જીને છે બોલ્યા;
ક્યાં ગયાં છે તાહરાં બાઇ સમાચાર તેં છે જાણ્યા.

શેઠ તણાં આ વચન સાંભળી ગરીબ ઘાટી વહી ઉભો;
બાઈ સાહેબકુ ગએ અબી તો કલાક દોઢજ થઈ ગયો.

કોની સાથે ક્યાં ગયાં છે એ સઘળું તું જાણે છે.
ખરી હકીકત આજ કહીને મનમાને ઇનામજ લૈ;

આવી રીતની વાત થાય છે ત્યાં નોકર આવીજ ઉભો.
શેઠ પાનાચંદ અંહી આવે છે નમી સમાચાર તેણે કહ્યો.

અચ્છા આણોદો એ શેઠકુ જાકર નીચેસે તેડી લાવ;
રામાને પણ કહીજ દીધું જલદી ભૈયાંકુ બોલાવ.

અચ્છા શેઠ મેં અબી જાકર ભૈયાકુ જલદી બોલાઉ;
હુકમ હોય જો દુસરા એસા તોબી કરતા મેં આઉ.

નોકર ગએલો થોડી વારમાં પાનાચંદ સાથે આવ્યો;
શેઠ ઉભેલા સામે નિહાળી સલામ કરતો ઉભો રહ્યો.

પાનાચંદ આવેલા દેખી શેઠ નોકરને એવું વદ્યા;
જા જડપથી હવે તું નીચે સાંભળે છે કે કેમજ અલ્યા.

શેઠ તણાં આ વચન સાંભળી નોકર નીચે જલદી ગયો;
ભૈયાને બોલાવી રામો શેઠની પાસે ઉભો રહ્યો.

કયું ભૈયાજી ગાડી કીધર હે જાકર જલદી જોડી લાવ;
ગાડી વાનકી નહી જરૂર હે તુમ જાને ઇધરજ લાવ.

અચ્છા સાબ મેં લાતા હું એમ કહી ભૈયો ચાલ્યો;
થોડીવારમાં ગાડી લાવી ભૈયો ત્યાં ઉભોજ રહ્યો.

પાનાચંદને સાથ લઈને શેઠ જુઓ અંગલેજ ગયા;
આ ઠાઠાળો નીહાળી ત્યાં સ્તબ્ધ બનીને ઉભા રહ્યા.

થોડીવારમા પોલીસ આવી ઇશ્કીલાલને કેદ કર્યો;
મેથીપાકનો માલ જમાડી અઃમુઓ તેનેજ કર્યો.

પૈસા આપી પોલીસોને ચપગાને લઇ ઘેર ગયા;
ગોટાળો નિહાળી ભારી જુઓ શેઠજી દુઃખી થયા.

ડામીશ ધારી ઇશ્કીલાલને જેલ મંહી ઘોચી ચાલ્યો;
ચપગાનો પણ પાઠ અંહીથી જુઓ ભાઇ પુરોજ થયો.

મુંબઇની શેઠાણી એટલે શું ?

(રાગ ગઝલ.)

સ્વામીજી સાંભળો મારી, વદુછું મુખથી વાણી;
નથી હુવે કામ કરવાની, બની મુંબઇની શેઠાણી.

બળદ ને ગાયનું સુતર, વળી હું વેણુતીતી છાણું;
નથી હુવે એવું કરવાની, બની મુંબઇની શેઠાણી

કરી મહેનત ઘણી ભારી, કુવેથી લાવતી પાણી,
મતી ત્યાં છેક મુંઝાણી, બની મુંબઇની શેઠાણી.

મળસકે હું ઉઠી વહેલી, કરતીતી કામ સૌ પહેલી;
મૂકી ચીન્તા બધી ઠેલી, બની મુંબઇની શેઠાણી.

શિયાળો હોય બહુ ભારી, લાગે ઠંડી નહી સારી;
હુવે શું દાઢ કરવાની, બની મુંબઇની શેઠાણી.

રસોઇ સર્વની કરતી, વાસણ બધાં ધોતી;
હુવે એ અહીં ન કરવાની, બની મુંબઇની શેઠાણી.

બંપારે કપડાં લઈ જાતી, નદીએ જઈ બધાં ધોતી;
હવે એવું કંઇ ન કરવાની, બની મુંબઇની શેઠાણી.
કડાકુટ ત્યાં કરી ભારી, આવું હું લાજ તો કાઢી;
હવે એ સૌ દીધું તાળાં, બની મુંબઇની શેઠાણી.
આવી કપડાં જહા સૂકવી, જરા ના વારતો બેઠી;
હવે છું મોજ કરવાની, બની મુંબઇની શેઠાણી.
ધોંટા બહુ-સાસુના ખાતી, સહીયર ન પાસ હું જાતી;
હવે તો છુટ ફરવાની, બની મુંબઇની શેઠાણી.
એ સર્વ દુઃખને તાળી, પિયુજી સાથમાં લાવી;
હવે ન બોલો ઘંટ મમતાણી, બની મુંબઇની શેઠાણી.
મૂકી મારવાડ અંહી આણી, શરમ પર ફેરવી પાંણી;
ફેશનમાં પૂરી લોભાણી, બની મુંબઇની શેઠાણી.
જુના એ દેશના ઘરને, પડીતી મોહી હું પૂરી;
ન જોવું એ ગમે મનથી, બની મુંબઇની શેઠાણી.
લજજા હું કંઈકની ધરતી, ઘુમટડો તાણીને ફરતી;
નથી હવે એમ વરતવાની, બની મુંબઇની શેઠાણી.
સાસુ નણદી જેઠાણીની, ગાળો હું શાંખતી મનથી;
હવે ન એક બોલ સુણવાની, બની મુંબઇની શેઠાણી.
દીયર ને જેઠ કે બીજા, મને લાડી વહુ કહેતા;
ન ગમતું એ બધું મનથી, બની મુંબઇની શેઠાણી

ધરીને લાજ તમ દીલથી, તમારી પાસ રહેતીતી;
નથી હવે લાજ ધરવાની, બની મુંબઇની શેઠાણી.
તમારા બોલનાં વચનો, ગણી અમૃત ફરતીતી;
તે સર્વ માટીમાં નાંખી, બની મુંબઇની શેઠાણી.
દીવસ બે ત્રણનો ટાઢો, સુકો હું રોટલો ખાતી;
નથી હવે એવું ખાવાની, બની મુંબઇની શેઠાણી.
પાણી છાંણી વળી દરવું, ઉઠી વહેલી તહાં કરતી;
હવે તો ઠોકરે મારી, બની મુંબઇની શેઠાણી.
વલોવવા છાશને વહેલી, ઉઠી સાસુ કને જાતી;
હવે કંપારી છે થાતી, બની મુંબઇની શેઠાણી.
ભજીયાં રાયટુ કે ચટણી,ન સ્વપ્ને હું કદી મોહતી;
હવે તો એજ ખાવાની, બની મુંબઇની શેઠાણી.
ચાહ કે કોફીને કોકો, સમજતી એવું હું નહોતી;
આવી અંહી એ બધું સમજી, બની મુબઇની શેઠાણી.
બીસ્કીટ પાંઉ કે રોટી, એને હું તો ન હતી મોહતી;
હવે સૌ ટેશ કરવાની, બની મુંબઇની શેઠાણી.
વોયલ કે વળી છાયલ ન એની જાણતી જાતી;
હવે તો એજ લેવાની, બની મુંબઇની શેઠાણી.
ગવન ગજીઆણીને મલકત, પહેરતીતી થઇ ખુશી;
એ ચીજો ના ગમે જોવી, બની મુંબઇની શેઠાણી.

માટે આ સ્વામીજી મારી, સૂણી છે વાત તો સારી;
ઉંધુ ચતું કરી ભારી, બનાવો નેજ શેઠાણી.
ભલે તમ ભીખને માગો, ઇજતને છાપરે નાંખો;
ગુલામીને તમે માગો, બનાવો તેજ શેઠાણી.
જો પૂરશો કોડ તમ મારા, વળી કહુ મનના મારા;
નહિ તો હું કહું વ્હાલા, છુટા છેડા કરૂં પ્યારા.
આવી રીતે વદી વામા, ધણીને મારતી મેણાં
જુઓ આ રાંડના ચાળા, કરે ઠગવા તણાં બાનાં.

સુચના.

અમારે ત્યાંથી મળતી તમામ જાતની ચોપડીઓ અમારા બાગ સ્નેહી.

રા. રા. ભગત ઇશ્વરભાઇ મનોરભાઈ પટેલને ત્યાંથી રોકડી કીંમતે ગળશે.

ઠેકાણું
હરીયાપુરમાં નાની હવેલીની પોળમાં અમદાવાદ.

તા. ક. જવાબ મંગાવનાર ઇચ્છનારે રીપલાઇ કાર્ડ મોકલી જવાબ મંગાવવો તે સીવાય જવાબ આપવામાં આવશે નહી.

ટુંક મુદતમાં બહાર પડનારા પુસ્તકોની યાદી.

નામ.	કીંમત.	ટપાલર
મોહીની યાને દિવાનો મૂર્ખસીંહ	૦—૪—૦	૦—
આનંદિ બહાર યાને સંગીત શાસ્ત્ર	૦—૧૨—૦	૦—
અલૌકિક જાદુ સંગ્રહ	૦—[illegible]—૦	૦—
સુરતની સુંદરી અને ઉડાઉ અમથો	૦—[illegible]—૦	૦—
ડોલતી દુનીઆ અને બોલતા મટ	૦—૬—૦	૦—૦ ૬
સતી કુમુદીની નાટક મ્હોટું ચોપાંની	૧—૧૨—૦	૦—૮—૦

સુચના.

(૧) સામટી જુઠો ખરીદ કરનારને સારૂં કમીશન આપવામાં આ

(૨) ઓછામાં ઓછું પાંચ રૂપીઆનુ વી. પી. મોકલી ઃ

વામાં આવશે.

(૩) ખુલાસો મંગાવનારે રીપલાઇ કાર્ડ લખી જવાબ મંગાવ

સીવાય જવાબ આપવામાં આવશે નહિ.

ગોરધનદાસ હરજીવનદાસ શાહ.

ઢાલની પોળ—અમદાવાદ.